POST - REGD. No. GBK-241/2021-2023 RNI. No. 68504-98

માધ્યમિક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતું મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થતું માસિક

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર

નામ ______________

સરનામુ ______________

______________


# બનાસગંગા શિક્ષણ

પ્રકાશક : શ્રી હરેશભાઈ જી. ડાભી
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા
મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
Email:hgdabhi_2011@rediffmail.com

તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશભાઈ એસ. રાવલ
નવનિર્માણ વિદ્યાલય, વગદા
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા મો : ૬૩૫૧૫૯૩૯૪૧
મો : ૯૪૨૭૦૪૩૬૧૬ Email:girishkumarraval8900@gmail.com

સહતંત્રી : શ્રી ગિરીશભાઈ પી. વણસોલા શાહ કે. એચ. હાઈસ્કૂલ, પીલુચા, તા. વડગામ બ.કાં. મો : ૯૪૨૯૭૧૬૫૧૬

વર્ષ-૨૦ ● અંક : ૧૧ ● જૂન-૨૦૨૧ ● વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/- ● પાનાં - ૪ છૂટક કિંમત ૩-૫૦ રૂા.



## પ્રમુખ - મહામંત્રી સ્થાનેથી...



પ્રિય શિક્ષક ભાઈઓ તથા બહેનો,

નમસ્કાર મિત્રો,

મિત્રો, આ વખતે કોરોનાની બીજી લહેરે કાળો કેર વર્તાવ્યો છે, જેમાં આપણે કેટલાક શિક્ષક મિત્રો, પરિવારજનો અને દેશવાસીઓને ગુમાવ્યા છે. તેવા તમામ સદ્‌ગત આત્માઓને શાંતિ મળે તે માટે બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ વતી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ. આ ઘટના ક્રમમાં બનાસકાંઠા જિલ્લાના પુર્વ પ્રમુખ, પૂર્વ બોર્ડ સદસ્ય, સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુરના કર્મઠ શિક્ષક અને શિક્ષકોના સદા હિતચિંતક એવા સ્વ. શ્રી અમરસિંહજી હરીસિંહજી ચૌહાણને ગુમાવ્યા છે. બનાસકાંઠા શિક્ષણ આલમમાં કદીએ ના પુરાય તેવી ખોટ મિત્રો આજે આપણને તેમના સ્વધામ જવાથી પડી છે.

મિત્રો , આપ સૌ જાણો છો તે મુજબ બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘે, મહામંડળને સાથે રાખી ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની જાહેર પરીક્ષા ૧૦૦ ગુણના MCQ સાથે લેવાય તેવી લેખિત રજુઆત કરેલ પરંતુ આપણી માગણી કરતા પણ વધારે ઉદાર બની સરકારે માસ પ્રમોશન જાહેર કરી વિદ્યાર્થીઓ, વાલીઓ, અને શાળાઓને ૧૦૦ % પરિણામ આપી ચોંકાવી દીધા.

નવા સત્રથી મિત્રો શાળાઓ ખુલી પણ વિદ્યાર્થીઓના વિના ભેંકાર લાગી રહી છે. આશા રાખીએ કે વહેલામાં વહેલી તકે વિદ્યાર્થીઓ શાળામાં રાબેતા મુજબ ભણતા થાય. પરિસ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે હજુ પણ રાબેતા મુજબ બધું જ પુન: શરૂ થતા સમય લાગશે આવી સ્થિતિમાં વાલીઓ સેલ્ફ ફાઇનાન્સ શાળાઓનો મોહ છોડી વિદ્યાર્થીઓને સરકારી કે ગ્રાન્ટેડ શાળામાં પોતાના બાળકોને ભણાવે તો તેમના માથેથી મોટો આર્થિક બોજ હળવો થઈ શકે તેમ છે. આ માટે આપણે સૌ શિક્ષક મિત્રોએ વાલી સમાજને જાગૃત કરવો પડશે, ગયા વર્ષે સરકારે ૨૫% સુધી ફી માં રાહત આપવાની સૂચના આપી હોવા છતાં મસમોટી ફાંદવાળા સેલ્ફ ફાઇનાન્સ સંચાલકોએ વાલીઓને પુરેપુરા ખંખેર્યા હતા. જિલ્લા શિક્ષણકચેરીઓ પણ બધું જાણતી હોવા છતાં મુક પ્રેક્ષક બની રહી હતી. આવા શાળા સંચાલકોને તેમની નીડરતા!!, વાલીઓને તેમની કાયરતા!! અને સબંધિત કચેરીઓને તેમની લાલચી હરામીયત બદલ!! અભિનંદન!! પણ, આ વર્ષે આવું ન બને તેનું ધ્યાન રાખશો.

મિત્રો, ધોરણ ૧૦નું પરિણામ આપ સૌ આ પેપર આપના સુધી પહોંચે તે પહેલાં તૈયાર કરી ચુક્યા હશો. આ વર્ષે પણ મોટા ભાગે ઓન લાઈન શિક્ષણ કાર્ય ચાલવાનું છે, આ માટે આપ સૌ મિત્રો તૈયાર પણ છો અને ગયા વર્ષના અનુભવો પણ આપણને ખૂબ ઉપયોગી થઈ પડશે, તો ચાલો વિપદા સામે બાથ ભીડી આપણે સૌ આપણું કર્તવ્ય નિભાવીએ.

મિત્રો, આપના પ્રશ્નોને વાચા આપવા માટે આપણો બાનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ શિરમોર છે, સામુહિક પ્રશ્નોની રજુઆત માટે જિલ્લાના અન્ય ઘટક સંઘો સાથે ચર્ચા વિચારણા કરી સૌને સાથે રાખી પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરીએ છીએ.

જિલ્લામાં સરકારી શાળાઓ અને અનુદાનિત માધ્યમિક શાળાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂક પામનાર તમામ શિક્ષક ભાઈ – બહેનોને બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ વતી આવકારી અને તેમને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવીએ છીએ

જય ભારત

**ગિરીશ રાવલ**
મહામંત્રી, બ.કાં.જિ.મા.શિ.સંઘ

**હરેશભાઈ ડાભી**
પ્રમુખ, બ.કાં.જિ.મા.શિ.સંઘ

## ધી બનાસકાંઠા જિલ્લા બિનસરકારી અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ. પાલનપુર

### મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરી ઉપયોગ કરવાના માર્ગદર્શક સ્ટેપ્સ

- સૌ પ્રથમ મોબાઈલના Play Store માં જઈ Vayak Society App લખી આ સિમ્બોલ વાળી App ડાઉનલોડ કરો.
- સોસાયટી કોડ તરીકે bkanu નાખો.
- મંડળીમાં આપેલ તમારો રજીસ્ટર મોબાઈલ નંબર નાખો.
- Password તરીકે તમારા રજીસ્ટર મોબાઈલ નંબરના છેલ્લા પાંચ અંક નાખો. દા.ત. 94xxx 25546 માં 25546 એ Password કહેવાય.
- આ રીતે આપનું રજીસ્ટ્રેશન થયા પછી ફરીથી મોબાઈલ નંબર અને Password ની મદદથી Sign In થાઓ.
- ☐ Remember Me ઉપર કલીક કરો જેવી વારંવાર મોબાઈલ નંબર કે Password નાખવો ન પડે.
- Sign In થતાં તમારા મંડળીના Account ની તમામ Details તમારા મોબાઈલ સ્ક્રીન ઉપર જોઈ શકાશે.
  1. Account Menu માં આપના Share ફરજિયાત કપાત અને Loan Details જોવા મળશે.
  2. Transaction Menu માં આ વર્ષની આપની કપાતની Details જોવા મળશે.
  3. Requests Menu માં સભાસદ એપ્લીકેશન દ્વારા સ્ક્રીનની નીચે આપેલ +Add ઉપર કલીક કરી Loan Request મોકલી શકે છે. એપ્લીકેશનથી મોકલેલ Loan Request માં સભાસદ કેટલી લોન લેવી તે પણ રકમ, કેટલા હપ્તા રાખવા તે તમામ વિગતો લખી શકે છે.

નોંધ :

- આ એપ ડાઉનલોડ કર્યા પછી ફક્ત પહેલીવાર જ મંડળી કાર્યાલયની કમ્પ્યુટર સીસ્ટમ ઓન થાય ત્યારે જ આપના Accounts ની Details જોઈ શકાશે. આ પરિસ્થિતિમાં મંડળી કાર્યાલય ખાતે નિયમિત જઈ શકાતું નથી માટે આ પ્રક્રિયામાં ચોવીસ કલાકનો સમય પણ લાગી શકે છે.
- એપ ડાઉનલોડ કરવામાં કે Log In થવામાં ક્યાંય મુશ્કેલી જણાય તો 9925279710 ઉપર સંપર્ક કરવો.

**જૂન-૨૦૨૧નું બનાસગંગા વેબસાઈટ જોવા માટે http://shixanparab.blogspot.com/p/banasganga.html પર સર્ચ કરવું.**

## રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઓન લાઈન શિક્ષણકાર્ય ચાલુ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક મશબ/૧૨૨૦/૮૭૪/૭
સચિવાલય, ગાંધીનગર.
તા. ૫–૬–૨૦૨૧

**વંચાણે લીધા :**
(૧) સમગ્ર શિક્ષા અભિયાનનો તા. ૧–૬–૨૦૨૧નો પત્ર ક્રમાંક એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૭૫૪૨–૧૭૬૪૭

**પરિપત્ર :**

સમગ્ર શિક્ષા અભિયાનના વંચાણે લીધેલ ક્રમાંક–૧ સામેના તા. ૧–૬–૨૦૨૧ના પત્રથી ધો.૩ થી ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્યમાં માઈક્રોસોફ્ટ ટીમ્સનો ઉપયોગ કરવા બાબતે વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા. ૭–૬–૨૦૨૧થી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થનાર છે. કોરોના (કોવિડ–૧૯)ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વંચાણે લીધેલ ક્રમાંક–(૧)ની સુચનાઓ ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા અન્ય સુચનાઓ ન મળે ત્યાં સુધી ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ રાખવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને શાળાએ બોલાવાના રહેશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**રોનક મહેતા**
નાયબ સચિવ, શિક્ષણ વિભાગ

## શ્રદ્ધાંજલિ



શારદાશીષ હાઈસ્કુલ, છાપીના મ.શિ. શ્રી રાહુલભાઈ કે. પરમારના **પિતાશ્રી ખેંગારભાઈ**નું તા. ૫–૪–૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.



સરસ્વતિ ઉ.બુ. વિદ્યાલય, મેજરપુરા, તા. વડગામના મ.શિ. **મહેન્દ્રસિંહ સોલંકી**નું તા. ૨–૫–૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.



સરદાર કૃષિનગર વિદ્યાલયના મ.શિ. ઈશ્વરભાઈ આર. દેસાઈના **માતૃશ્રી**નું તા. ૧૦–૬–૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.



ખેંગારભાઈ એ. સોલંકી (પૂ. હેડકલાર્ક જે. શિ. કચેરી બનાસકાંઠા)ના પિતાશ્રી **અણદાભાઈ સોલંકી**નો દુ:ખદ અવસાન તા. ૧૦–૬–૨૦૨૧ થયેલ છે.


શ્રી સાર્વજનિક વિદ્યાલય ગુંદરીના મ.શિ.
**સુરેશભાઈ રામાભાઈ પટેલ**નું દુ:ખદ અવસાન થયેલ છે.

તે ઉપરાંત નામી–અનામી શિક્ષણ સાથે જોડાયેલા કર્મચારીઓના દુ:ખદ અવસાન નિમિત્તે બ.કાં.મા.શિક્ષક સંઘ ઘેરા દુ:ખની લાગણી અનુભવે છે. અને તેના આત્માઓને વૈકુઠમાં સ્થાન મળે તેમના કુટુંબો પર આવી પડેલ વ્રજઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

– બ.કાં.જિ.મા.શિ. સંઘ

## બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ

## શોક સંદેશ



પ્રતિ,
ભાઈશ્રી,
દિલીપસિંહજી અમરસિંહજી ચૌહાણ

આપના પિતાજી તથા બનાસકાંઠા જિલ્લાના તમામ શિક્ષણ જગતના સારસ્વત બંધુઓના પ્યારા વડીલ અને બાપુના હુલામણા નામથી પ્રચલિત એવા સ્વ. અમરસિંહજી હરિસિંહજી ચૌહાણનું તા. ૩૦–૫–૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. આ સમાચાર સમગ્ર બનાસકાંઠા જિલ્લા તથા ગુજરાત રાજ્યના શિક્ષણ જગત માટે આઘાતજનક હતા. પરંતુ આપના પરિવાર માટે તો અત્યંત આઘાતજનક કહેવાય. પરિવારમાંથી એક ઘેઘુર વડ સમાન વડીલ જ્યારે વિદાય લે છે ત્યારે એકદમ ખાલીપો વર્તાય છે. આ ખાલીપો અમે સૌ શિક્ષણ અને સંઘ સાથે સંકળાયેલ તમામ બંધુઓ અનુભવી રહ્યા છે. શિક્ષકોના પ્રશ્નો કે અન્ય રજૂઆત માટે બાપુની નિડરતા અને સ્પષ્ટતા અને સચોટ વાણીની ખોટ આ ભવમાં કોઈ જ પૂરી શકશે નહિ. બાપુના નિધનથી બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનો એક મજબૂત આધારસ્તંભ જાણે જમીનદોસ્ત થઈ ગયો. બાપુનું બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘમાં પ્રમુખ તરીકે તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સદસ્ય તરીકેનું યોગદાન અવિસ્મરણીય છે. સંઘની મુખ્ય ધરોહર એવા સાંદિપનિ શિક્ષક ભવનના નિર્માણમાં બાપુનો પરસેવો આજે સુગંધ બની તમામને ગૌરવ પ્રદાન કરી રહ્યો છે. નિવૃત્તિ પછી પણ બીજા મજલાના નિર્માણ વખતે ભવન કન્વિનરની જવાબદારી નિભાવી એક સુંદર અને વિશાળ હોલ તૈયાર કરી જાણે અમ સૌને ભેટ ધર્યો છે. આવા વડીલ, વિરલ, પરગજુ અને સૌના માર્ગદર્શક એવા અમરસિંહજી બાપુ આમ અચાનક જ વૈકુંઠની વાટ પકડવા આટલી ઉતાવળ કરશે તેની તો કલ્પના પણ નહોતી છતાંય એમના જ શબ્દોમાં કહીએ તો 'હરિ ઈચ્છા બળવાન છે' અને તેને સ્વિકારવી જ રહી.

આ પત્ર દ્વારા અમો સૌ બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘના તમામ પરિવારજનો ભગવાનને બે હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ કે હે પ્રભુ! અમારા સૌના પિતા સમાન વડીલ અને એક સરળ અને સજ્જન વ્યક્તિ એવા અમરસિંહજી બાપુના દિવ્ય આત્માને આપના ચરણોમાં સ્થાન આપજે અને તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ પ્રદાન કરજે.

સ્વ. અમરસિંહજી હરિસિંહજી ચૌહાણને સમગ્ર શિક્ષણ જગત એક ઉચ્ચ કક્ષાના માર્ગદર્શક, સ્પષ્ટ વક્તા, નિડર નેતા તથા પરગજુ અને સજ્જન વડીલ તરીકે હંમેશા યાદ રાખશે.

બાપુ, આપનો આત્મા પરમ મોક્ષને પ્રાપ્ત થાઓ તથા આપ જ્યાં હો ત્યાંથી અમ સૌને આશીર્વાદરૂપી માર્ગદર્શન આપતા રહો...

ૐ શાતિ..... શાંતિ....... શાંતિ.......

## શ્રદ્ધાંજલિ



બ.કાં.જિ.મા.શિ.સંઘના શિક્ષક ભવન સાંદિપનિ આશ્રમના પ્રથમ માળના મુખ્ય દાતા તથા ભગવતી વિદ્યામંદિર રસાણાના પૂ.ઈન્ચા.આચાર્ય **શૈલેષભાઈ આર. પટેલ**નું ૧૫–૫–૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.બ.કાં.મા.શિક્ષક સંઘ ઘેરા દુ:ખની લાગણી અનુભવે છે. અને તેના આત્માને વૈકુઠમાં સ્થાન મળે તેમના કુટુંબ પર આવી પડેલ વ્રજઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

– બ.કાં.જિ.મા.શિ. સંઘ

# બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી, પાલનપુર

### સભાસદના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં આર્થિક સહાય અંતર્ગત

## સહાય સંજીવની યોજના

સર્વ સારસ્વત ભાઈઓ, બહેનો

નમસ્કાર, હાલની આ કોરોના મહામારીની પરીસ્થિતિમાં આખું વિશ્વ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વલખા મારી રહ્યું છે. આ મહામારીમાં શિક્ષણ જગતે પણ પોતાના કર્મચારીઓ ખોવાનું જબરજસ્ત નુકશાન સહન કર્યું છે અને હજુય કરી રહ્યું છે. આ પરિસ્થિતિમાં ઘરનો મોભી કે એક માત્ર કમાનાર વ્યક્તિ આ દુનિયા છોડી જાય તો પરિવારનું શું ? આ વિચાર માત્ર કંપાવી નાખે તેવો છે. આપણે સૌ આપણા પરિવારના આધારસ્તંભ છીએ ત્યારે ન કરે નારાયણ અને આપણને કંઈક થઈ જાય તો આપણા પરિવારને જીવન ટકાવી રાખવાનો આધાર શું ? આપણા બાળકોના અભ્યાસ અને પોષણનું શું એમાં ય આ નવી પેન્શન યોજનામાં તો સરકારે આપણો ઓક્સિજન જ છીનવી લીધો છે. આવા ભયંકર વિચારો વચ્ચે એક એવી યોજનાનો વિચાર આવ્યો છે જેમાં નજીવી રકમના રોકાણથી આપણા પછી આપણા પરિવારને થોડોક આર્થિક ટેકો મળી રહે પ્રથમ વર્ષે નાના પાયે શરૂઆત થાય અને આપ સૌનો સહકાર મળે તો ભવિષ્યમાં આ યોજના એક વટવૃક્ષ બની આપણા પરિવારને સારો એવો આર્થિક ટેકો આપી શકવાની ક્ષમતા ધરાવી શકે છે.

મિત્રો, આ યોજનામાં માસિક ૧૦૦/- રૂ.માં સો ગણી રકમનો મૃત્યુ સહાય વીમો આપણા જ સંઘ દ્વારા સંચાલિત ધી બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી મારફત આપવામાં આવે તો પરિવારને સારો એવો ટેકો પણ મળી રહે. આ યોજનામાં જોડાયેલ હોઈએ અને ભગવાનની કૃપાથી તથા આપણા પુણ્યકર્મોના સહારે આપણે સ્વસ્થ અને નિરામય રહી આપણી નોકરી પૂર્ણ કરીએ તો આ રકમ આપણા જ શિક્ષણ પરિવારને મદદરૂપ થવાના પુણ્ય કાર્યમાં વપરાયાનો આત્મસંતોષ અનુભવીશું.

આ યોજનાના સામાન્ય નિયમો નીચે મુજબ રહેશે. જેમાં યોજનામાં જોડાયેલ સભ્યોના હીતમાં તથા નાણાંકીય સધ્ધરતાના આધારે ફેરફાર કરવાની સત્તા મંડળીની કારીબારીની રહેશે. આ યોજના જુલાઈ-૨૦૨૧થી અમલી બને તેવા પ્રયત્નો છે.

- આ યોજના ધી બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના નેજા હેઠળની યોજના હોઈ આ યોજનાનો લાભ લેવા મંડળીના સભ્ય બનવું ફરજિયાત છે.
- આ યોજના ફક્ત બનાસકાંઠા જિલ્લાના બિનસરકારી અનુદાનિત શાળાઓના માધ્યમિક વિભાગના શિક્ષક કારકુન અને સેવક સંવર્ગના કર્મચારીઓ માટે જ છે.
- આ યોજનામાં જોડાનાર શિક્ષક કર્મચારી બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ તથા કારકુન અને સેવક કર્મચારી બનાસકાંઠા જિલ્લા વહીવટી સંઘનો સભ્ય હોવો જોઈએ.
- આ યોજના અમલમાં આવ્યા પહેલાંથી જે કર્મચારી મંડળીના સભ્ય હશે તે સભાસદોએ પ્રવેશ ફી ભરવાની રહેશે નહિ. તેવા સભાસદોના હવેથી દર મહિને ફરજિયાત બચતના ૧૦૦૦/- રૂા. તથા આ યોજના અંતર્ગત ૧૦૦/- રૂા. એમ કુલ ૧૧૦૦/- રૂા. (અંકે રૂપિયા અગિયાર સો પુરા) સીધા પગારમાંથી કાપવામાં આવશે.
- આ યોજનામાં જોડાનાર કર્મચારીના મૃત્યુના કિસ્સામાં કર્મચારીના વારસદારને પ્રથમ વર્ષે જમા રકમના સો ગણા અથવા એક લાખ રૂપિયા બેમાંથી જે ઓછું હશે તે મૃત્યુ સહાય પેટે તાત્કાલિક ચૂકવવામાં આવશે. આ રકમમાં દર વર્ષના અંતે યોજનાની નાણાંકીય સધ્ધરતાની સમીક્ષા કરી વધારો કરી જાહેર કરવામાં આવશે.
- આ યોજનામાં જમા નાણાં ઉપર કોઈ જ વ્યાજ આપવામાં આવશે નહિ કે જમા રકમ પરત આપવામાં આવશે નહિ.
- ધી બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના સભ્ય તરીકે રદ થતાં કે બરતરફ થતાં કર્મચારીને આ યોજનામાંથી આપોઆપ રદ કરવામાં આવશે.
- ધી બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના સભાસદો જે હાલ જોડાયેલ છે તે સભાસદોને આ યોજનામાં ફરજિયાત જોડાવવાનું રહેશે. આ યોજના એક રીતે સભાસદના જીવન વીમા તથા લોન વીમા એમ બંને હેતુઓ માટે આશીર્વાદરૂપ હોવાથી સભાસદ માટે ફરજિયાત છે.
- આ યોજના આવા કપરા સમયમાં આપણી બીન હયાતીમાં આપણા પરિવાર ઉપર આવી પડેલ આફત માટે સંજીવની સમાન હોઈ આ યોજનાનો સૌ લાભ લે તે ઈચ્છનીય છે.

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખભાગ્ભવેત્ ॥

ના શુભ ઉદ્દેશ્ય સાથે આપ સૌના શુભ ચિંતકો

| | |
|---|---|
| **શ્રી ગિરીશભાઈ રાવલ**<br>ચેરમેન | **શ્રી હરપાલસિંહ પઢિયાર**<br>વાઈસ ચેરમેન |
| **શ્રી હરેશભાઈ ડાભી**<br>ખજાનચી | **શ્રી આનંદભાઈ ત્રિવેદી**<br>સેક્રેટરી |

તથા સર્વ કારોબારી સભ્યો

**ધી બનાસકાંઠા જિલ્લા અનુદાનિત માધ્યમિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ. પાલનપુર.**

## શ્રદ્ધાંજલી



બ.કાં.જિ.મા.શિ.સંઘના પ્રમુખ શ્રી હરેશભાઈ જી. ડાભી (મ.શિ. સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા)ના પિતાશ્રી **ગોકળભાઈ ટી. ડાભીનું** તા. ૨૧-૫-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

બ.કાં.મા.શિક્ષક સંઘ ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. અને તેના આત્માને વૈકુંઠમાં સ્થાન મળે તેમના કુટુંબ પર આવી પડેલ વ્રજઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

– બ.કાં.જિ.મા.શિ. સંઘ

# અવસાનનાં કિસ્સામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ

નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત એન.એસ.ડી.એલ.માંથી રકમ પરત મેળવવા માટે નીચે જણાવ્યા મુજબ દરખાસ્ત તૈયાર કરી બે નકલમાં મોકલી આપવાની રહેશે.

1. સામેલ રાખેલ ફોર્મ 103 GD Ver 1.1 :
   a. ફોર્મમાં (પાન નં.1)માં Section-A ની વિગતો નોમીની/વારસદાર પાસે ભરાવવી
   b. ફોર્મમાં (પાન નં.1)માં વારસદારનો ફોટો લગાવી તેની નીચે વારસદારે સહી કરવી
   c. ફોર્મમાં (પાન નં.2)માં Section-B અને C ની વિગતો નોમીની/ વારસદાર પાસે ભરાવવી.
   d. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (PFRDA) ''Exit Regulations 2015'' અન્વયે અવસાનનાં કિસ્સામાં અવસાનનાં થયેલ કર્મચારીનાં NSDL નાં PRAN જમા રહેલ રકમ જો બે લાખથી વધુ હોય તો કર્મચારીનાં વારસદારને ૨૦% રકમ Lump sum તરીકે તેમજ 80% રકમ Annuity નાં રૂપમાં મળશે. જેના માટે ફોર્મમાં (પાન નં.2) માં Section-D વારસદારે એન્યુઈટીની સંપૂર્ણ વિગત ભરી ત્યારબાદ જ તેની નીચે સહી કરવી.
   e. ફોર્મમાં (પા નં.2) માં Section-E વારસદારે કર્મચારીની ફેમિલી મેમ્બરની સંપૂર્ણ વિગત ભરી તેની નીચે સહી કરવી. જેમાં કર્મચારીનાં માતા પિતાની વિગત ખાસ લખી તેમના પાન કાર્ડની નકલ તેમજ બેંકની વિગત પણ મોકલી આપવી. જો કર્મચારીનાં માતા પિતા હયાત ન હોય તો તેમના અવસાનના પ્રમાણપત્ર મોકલી આપવા.
   f. ફોર્મમાં (પાન નં.3) માં સૌ પ્રથમ બોક્ષમાં સાક્ષીની સહી કરાવવી તેમજ સાક્ષીની સંપૂર્ણ વિગત તેની નીચે લખવી.
   g. ત્યારબાદ ફોર્મમાં (પાન નં.3)માં વચ્ચેનાં બોક્ષમાં વારસદારે સહી કરવી.
   h. તેમજ ફોર્મમાં (પાન નં.3)માં છેલ્લા બોક્ષમાં વારસદારનો ફોટો લગાવી તેના પર વારસદારે સહી કરવી.
   i. જો વારસદાર દ્વારા ગુજરાતી (માતૃભાષા)માં સહી કરેલ હોય અથવા તેનો અંગુઠો કરેલ હોય તો જ ફોર્મમાં (પાન નં.3)માં સૌથી નીચે આપેલ વિગત ભરવી. જેમાં અંગ્રેજીમાં સાક્ષીની સહી લેવી તેમજ સાક્ષીની વિગત લખવી. ત્યારબાદ બોક્ષમાં વારસદારે સહી કરવી.
   j. ફોર્મમાં (પાન નં.4)માં Section-F કચેરીના વડાની સહી સિક્કા કરી અસલમાં મોકલવું.
   k. જો એન.એસ.ડી.એલ. ખાતે જમા રકમ રૂા. બે લાખ કે તેથી ઓછી હોય તો જ ફોર્મમાં (પાન નં.4)માં Request cum under taking માં જરૂરી વિગત ભરી વારસદારે સહી કરવી ત્યારબાદ તેમાં કચેરીના વડાના સહી સિક્કા કરાવવા.
2. આ સાથે સામેલ KYC Certificate ભરી બે નકલમાં કચેરીના વડાના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.
3. No Objection Certificate નું ફોર્મ આ સાથે સામેલ કરેલ છે જે વિગતો ભરી કચેરીના વડાના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.
4. અવસાનનો દાખલો આપવો. (રજીસ્ટ્રાર ઓફ બર્થ એંડ ડેથ દ્વારા ઈસ્યુ કરાયેલ.)
5. જો અવસાનનો દાખલો ગુજરાતીમાં હોય તો આ સાથે સામેલ અવસાનનાં અંગ્રેજી ફોર્મેટમાં વિગતો ભરી કચેરીના વડાના સહી સિક્કા કરી અસલમાં મોકલવું.
6. નોમીની/વારસદારની બેંક એકાઉન્ટની પાસબુકની સ્વપ્રમાણિત નકલ અથવા કેન્સલ ચેક સામેલ રાખવો. (જેમાં વ્યક્તિનું નામ, બેંક એકાઉન્ટ નંબર તથા IFSC કોડ સામેલ હોય)
7. નોમીની/વારસદારની ઓળખ તથા રહેઠાણના પુરાવા માટે નીચેનામાંથી કોઈ બે પ્રમાણિત નકલ જેમાં એક નકલ ફોટાવાળી હોવી જરૂરી છે.
   a. આધાર કાર્ડ
   b. મતદાન ઓળખપત્ર
   c. ડ્રાઈવીંગ લાયસન્સ
   d. પાસપોર્ટ
   e. રેશનકાર્ડ
   f. *પાનકાર્ડ (ફરજીયાત)
   g. ફોટો ક્રેડીટ કાર્ડ
   h. એક્સ સર્વિસમેન કાર્ડ
   i. કચેરી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ઓળખપત્ર
   j. MP/MLA દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ફોટા સાથેનું ઓળખ અંગેનું પ્રમાણપત્ર.
   k. નરેગા અંતર્ગત ફાળવેલ જોબકાર્ડની નકલ
8. જે કિસ્સામાં NSDL નાં રેકર્ડમાં વારસાઈ નોંધાયેલ ન હોય અથવા વારસાઈમાં કોઈ ફેરફાર થતો હોય, તેવા કિસ્સામાં મામલતદાર/ એક્જિક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા ઈસ્યુ કરાયેલ વારસાઈ પ્રમાણપત્ર મેળવી સામેલ રાખવું.
9. જે કિસ્સામાં NSDL નાં PRAN ના રેકર્ડમાં અથવા ઉપર મુજબના વારસાઈ પ્રમાણપત્રમાં એક કરતા વધારે નોમીની/વારસદાર પુખ્ત (૧૮ વર્ષથી મોટા) હોય તો:
   a. Relinquishment Deed આ સાથે સામેલ નમુના મુજબ રૂા.૧૦૦/ ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર પર એફિડેવીટ કરાવી મોકલી આપવું. (અન્ય પુખ્ત વયના વારસદાર દ્વારા કરાવવું.)
   b. Indemnity bond આ સાથે સામેલ નમુના મુજબ રૂા. ૧૦૦/–ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર પર એફિડેવીટ કરાવી મોકલી આપવું. (કલેઈમ કરી રહેલ વારસદાર દ્વારા કરાવવું)
10. જે કિસ્સામાં NSDL નાં PRAN નાં રેકર્ડમાં અથવા ઉપર મુજબના વારસાઈ પ્રમાણપત્રમાં કોઈ નોમીની/વારસદાર સગીર (૧૮ વર્ષથી નાના) હોય તો તેમનો જન્મનો દાખલો (રજીસ્ટ્રાર ઓફ બર્થ એંડ ડેથ દ્વારા ઈસ્યુ કરાયેલ) (અંગ્રેજીમાં) અથવા સ્કુલ લિવીંગ સર્ટીફિકેટ (જન્મ તારીખ હોય તેવુ) સામેલ રાખવો.

પ્રકાશક : **શ્રી હરેશભાઈ જી. ડાભી** - સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશકુમાર એસ. રાવલ ૧૭, સૂર્યનગર, આઈ.ટી.આઈ.ની સામે, બનાસડેરી રોડ, પાલનપુર–૩૮૫૦૦૧ મો : ૯૪૨૭૦૪૩૬૧૬
મુખ્ય સંપાદક : શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ - કમલ વિદ્યામંદિર ભૂતેડી, તા. પાલનપુર (મો : ૯૭૨૬૦૪૮૬૦૪)
મુદ્રણ સ્થળ : **વિશાલ ઓફસેટ**, દ્રોણ બિલ્ડીંગ, જિ.પં. સામે, પાલનપુર, ફોન : (ઓ) ૨૫૭૯૫૧
નોંધ : (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેક શકય ન પણ હોય (૨) કાનુની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.

સંપાદક મંડળ : (૧) શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ, મુખ્ય સંપાદક કમલ વિદ્યામંદિર, ભૂતેડી (૨) શ્રી સુરેશભાઈ જે. રાવલ વિવિધલક્ષી વિદ્યામંદિર (૩) શ્રી રવિન્દ્રભાઈ પ્રજાપતિ વિનય મંદિર, ગોળા (૪)શ્રી અજિતભાઈ વાઘેલા સમતા હાઈસ્કુલ, પાલનપુર (૫) શ્રી કનુભાઈ મોદી કે. એસ. ઝાલા હાઈસ્કુલ, કુડા (૬) શ્રી વસંતભાઈ પરમાર આદર્શ હાઈસ્કૂલ, ઉજ્જનવાડા (૭) શ્રી નિલેશભાઈ બુંબડીયા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી